ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૩ ટકા


# શહેરમાં દિન દહાડે વીજળીનો વ્યય

## માર્ગો પર લાઈટોના થાંભલા પર દિવસે પણ લાઈટો ચાલુ જયારે ઘણા વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં હોવાથી અંધારપટ છવાયો

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની અને લાઈટો બગડી જવાનો મુદ્દો હાલમાં ચગ્યો છે. ઘણા વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો ડૂલ થઈ જવાના કારણે અંધારપટ છવાયો છે. રાત્રી દરમિયાન વાહનચાલકોને ઘણી મુશ્કેલીઓ પડે છે તેવામાં શહેરમાં અમુક વિસ્તારમાં દિવસે પણ સ્ટ્રીટલાઈટો ચાલુ જોવા મળી રહી છે. જે દિનદહાડે વીજળીનો વ્યય થઈ રહ્યો છે.

શહેરમાં વીજળીનો પ્રશ્ન અવારનવાર શહેરીજનો માટે માથાનો દુ:ખાવો થઈ જાય છે. સ્ટ્રીટ લાઈટો ઉપરાંત પણ શહેરમાં વીજળી ડૂલ થવાની સમસ્યાઓ બની રહી છે. જેમાં હાલમાં ઉનાળાની ગરમીના દિવસો ચાલતા હોવાથી ભરબપોરે વીજળી ડૂલ થઈ જતા ગરમીમાં પરસેવે રેબઝેબ થવાનો વારો આવે છે. તો બીજી તરફ દિન દહાડે શહેરમાં



વીજળીના થાંભલાઓની લાઈટો ચાલુ જોવા મળી રહી છે.

શહેરમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં અગાઉની જેમ હાલમાં પણ વીજ પૂરવઠો ખોરવાઈ જાય છે. કયારેક વહેલી સવારે વીજકાપ થતા નાગરિકો સવાર સવારમાં અકળાઈ ઉઠે છે. ત્યારે આ રીતે દિવસે શહેરમાં સ્ટ્રીટલાઈટોના થાંભલા પર લાઈટો ચાલુ જોતા તંત્ર સામે સવાલો ઉભા થઈ રહ્યા છે. નાગરિકોને માર્ગો પર રાત્રી દરમિયાન સ્ટ્રીટલાઈટોની આવશ્યકતા રહેતી હોય છે દિવસે લાઈટો ચાલુ રાખવામાં આવતા વીજળીનો બિનજરૂરી વ્યય થઈ રહ્યો છે.

શહેરમાં હાલમાં સોસાયટીઓ અને કોમનપ્લોટ લાઈટોના થાંભલાઓ ટેકનિકલ ખામીથી કે અન્ય કારણોસર બંધ થઈ જવાથી મોટા ભાગના વિસ્તારોમાં અંધારું છવાયેલું રહે છે. માર્ગો પર પણ ઢગલાબંધ લાઈટોના થાંભલા શોભાના ગાંઠિયા સમાન ખડે પગે જોવા મળી રહ્યા છે. જે બંધ જ હોય છે. મહાત્મા મંદિર તરફ ખ માર્ગ પર ઘણા સમયથી લાઈટોના થાંભલાઓ શોભાના ગાંઠિયા સમાન છે જેમાં લાઈટો ચાલુ નથી માર્ગ પર અંધારું જોવા મળે છે જેથી અકસ્માત થવાની ભિતી સર્જાય છે તેથી રાત્રિ દરમિયાન લાઈટોના થાંભલા ચાલુ રાખવા અને ટેકનિકલ ખામી દૂર કરવા જનતાની માંગ ઉઠી છે.

# ગાંધીનગર ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અન્વયે ૧૧મા ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન




ગાંધીનગર, તા.૭

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા માતૃશ્રી જોઈતીબા એજ્યુકેશન કેમ્પસ, ચૌધરી કોલેજ કેમ્પસ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અન્વયે ૧૧મા ખેલ મહાકુંભ અંતર્ગત અંડર-૧૭ ભાઈઓની રાજ્ય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન માતૃશ્રી જોઈતીબા એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

અંડર-૧૪ ભાઈઓની સ્પર્ધાના ઈનામ વિતરણ અને અંડર-૧૭ ભાઈઓની સ્પર્ધાના ઉદ્‌ઘાટન પ્રસંગે ટીચર યુનિવર્સિટી ડાયરેક્ટર અને ક્રીડા ભારતી પ્રદેશ કેન્દ્ર પ્રમુખ મુકેશભાઈ પટેલ, અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર ઓફ ડી.એલ.એસ.એસ. કૌશિક પટેલ, ડાયરેક્ટર ઓફ ઈનસ્કૂલ નિમેશ પટેલ, ખેલમહાકુંભ ટીમ લીડર ઈમરાન પઠાન, અખિલ આંજણા કેળવણી મંડળના કેમ્પસ ડાયરેક્ટર યશવંતભાઈ ચૌધરી, એસોસીએશનના સહ-મંત્રી અમરસિંહ ઠાકોર અને દ્રષ્ટીબેન પટેલ, ફેન્સીંગ હેડકોચ રોશન થાપા, સ્પર્ધાના ચીફ રેફરી અનિલ કુમાર, ફેન્સીંગ કોચ કિંજલબેન ઠાકોર, યજ્ઞેશ પટેલ, સંદિપ શર્મા, આર. પ્રદિપ ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ અંડર -૧૪ વય જુથની સ્પર્ધામાં ફોઈલ ભાઈઓના વિભાગમાં સુરેન્દ્રનગરનો સિસોદીયા ચંદ્રરાજસિંહ ગોલ્ડ મેડલ, મહેસાણાનો ઠાકોર સતિષજી સિલ્વર મેડલ, સુરેન્દ્રનગરનો ઝાલા હાર્દિક અને મહેસાણાનો ઠાકોર યુવરાજ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ઈપી ભાઈઓના વિભાગમાં સુરેન્દ્રનગરનો પટણી વિક્રમ ગોલ્ડ મેડલ, સુરેન્દ્રનગરનો પરમાર પવન સિલ્વર મેડલ, મહેસાણાનો ચૌહાણ રવિકુમાર અને બનાસકાંઠાનો ચૌધરી મનિષએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતા. સેબર ભાઈઓના વિભાગમાં સાબરકાંઠાનો પંડ્યા આર્યન ગોલ્ડ મેડલ, મહેસાણાનો ચૌધરી નિકેશ સિલ્વર મેડલ, મહેસાણાનો ઉસડિયા માનવ અને જાની ભૌતિકએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તમામ વિજેતા ખેલાડીઓને મહાનુભાવોના હસ્તે મેડલ વિતરીત કરવામાં આવ્યા હતા.



આકાશમાં વાદળોની અવરજવર ભલે વધી હોય પરંતુ વરસાદ પડયો ન હોવાથી ગરમી અને બફારો હજુ યથાવત રહ્યો છે. ઉનાળાના અકળાવનારા વાતાવરણમાં શ્રમજીવીઓ થાકી જાય છે. સવારથી મહેનત-મજદૂરી કરતા શ્રમજીવીઓ બપોરના સમયે ઘડીક આરામ કરી ગરમીથી રાહત મેળવી લે છે.

# ખ-૩ પાસે લાંબા સમયથી માટીના મોટા ઢગ વાહનચાલકો માટે અડચણરૂપ

## લગભગ ત્રણેક માસનો સમય વીતવા છતાં સે-૧૩ના કોર્નર પાસે કામ પુરું થતું ના હોવાથી નજીકના વસાહતીઓ પરેશાન



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના પથિકાશ્રમ સર્કલથી વાવોલ તરફ જતાં રોડ નં. ૩ પરના ખ-૩ સર્કલ નજીક ઘણાં સમયથી પાણીની લાઈનના કામ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું પરંતુ તે પછી લગભગ ત્રણેક માસનો સમય વીતવા છતાં અહીં ખોદેલો ઉંડો ખાડો કોઈ અગમ્ય કારણોસર જેમનો તેમ રહેવા દેવાયો છે તેવું આ વિસ્તારના નાગરિકોનું કહેવું છે. આ સર્કલે બરાબર સે-૧૩ના ખૂણે ટર્નિંગમાં જ ખાડાની આસપાસમાં માટીના મોટા ઢગ ખડકેલાં હોવાથી વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ખડું થવા પામ્યું છે.

શહેરમાં ઘણા સમયથી પાણીની નવી પાઈપલાઈન નાંખવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્ય દરમ્યાન અનેક સ્થળે ખાડા ખોદ્યાં પછી તેમનાં માટી પુરાણ અપુરતું કરાયું હોય, લાંબા સમય સુધી પુરાણ કરવાનું બાકી રખાયું હોય, ખાડા ખોદતી વખતે વૃક્ષોને કે અન્ય લાઈનોને નુકસાન થયું હોય તેવી ફરિયાદો પણ અનેકવાર ઉઠવા પામી રહી છે. આ ખોદકામ દરમ્યાન કેટલેક ઠેકાણે મસમોટા ખાડા પડી જવાને પગલે વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો હોય તેવી સ્થિતિ પણ જોવા મળી રહી છે. ખ-૩ સર્કલ પાસેના સેક્ટર-૧૩ના કોર્નર પર પારિજાત એપાર્ટમેન્ટ નજીક એક મોટો ખાડો કરાયો હતો જે આશરે છેલ્લાં ત્રણેક માસથી પુરાણ કર્યા વગર છોડી દેવાયેલો છે જેમાં હજું કામ અધુરું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. પારિજાત એપાર્ટમેન્ટ આગળ બસ સ્ટોપ હોવાથી આ ખાડો મહાત્મા મંદિર તરફથી આવતાં અને ખ-૩થી ડાબી તરફ રોડ નં.૩ પર જવા માંગતા વાહનચાકલો માટે ભારે અડચણરૂપ બન્યો જ છે પરંતુ તે સાથે સાથે અહીંથી પસાર થતાં રાહદારીઓ માટે પણ અકસ્માતનું જોખમ ખડું કરી રહ્યો છે. અહીં જે મોટો ખાડો પડેલો છે જેને હજુ સુધી પુરવામાં આવ્યો નથી જેમાં જે પણ કામ બાકી હોય તેને સત્વરે પૂર્ણ કરીને ખાડાને ઝડપથી પુરવામાં આવે અને આગામી ચોમાસાને અનુલક્ષીને તેમાં પુરતું વોટરિંગ કરીને યોગ્ય માત્રામાં માટી પુરાણ કરવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.

# પેથાપુર નજીક ચરેડી પાસે ફરી વધી ગયેલા દબાણો હટાવાયાં



ગાંધીનગર, તા.૨૭

આજે સવારે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવાયેલા પેથાપુર રોડ પર ચરેડી પાસેના વિસ્તારમાં મનપાના દબાણ તંત્રએ સપાટો બોલાવ્યો હતો અને પાકા તેમજ હંગામી દબાણોને હટાવી દીધાં હતાં. પ્રાપ્ત વિગતો અનુસાર છેલ્લાં કેટલાંક સમયથી આ દબાણો હટાવવા માટે સ્થાનિક કોંગ્રેસી કોર્પોરેટર ગજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી જેના અનુસંધાને ત્રણેક દિવસ પહેલાં જ દબાણ તંત્રનો કાફલો પંહોચી પણ ગયો હતો. જોકે કોઈ અગમ્ય કારણોસર આ કાફલો દબાણ હટાવ્યાં વગર જ પરત ફર્યો હતો અને જે અંગે ફરી ગજેન્દ્રસિંહ દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવતાં આજે ફરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતીઅને મનપાની ટીમે આજે દબાણો હટાવવા જેસીબી મશીન તેમજ એક ટ્રેક્ટર ટ્રોલી સહીતના સાધનો કામે લગાડાયાં હતાં. આ કામગીરી દરમ્યાન કોઈ ઘર્ષણ કે અનિચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસની હાજરીની તકેદારી રખાઈ હતી. દબાણ હટવાયા તેની આસપાસમાં ભરચક રહેણાંક વિસ્તાર હોવાથી ખુબજ ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા આ વિસ્તારમાં મનપાની આ કામગીરીના પગલે ગેરકાયદેસર દબાણો હટવાથી જોખમી વિસ્તાર ખાતેથી પસાર થતાં અકસ્માતનો ભય ઓછો થશે તેવી આશાએ પેથાપુર વિસ્તારના રહીશોમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું હતું.

## અજય રાવલને પીએચ.ડીની પદવી એનાયત

ગાંધીનગર, તા.૨૭

કડી સર્વ વિશ્વવિદ્યાલયની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપતા અજય રાવલને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. KSVના ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના ડીન પ્રો. ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શનમાં અજય રાવલે 'ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ અને આત્મછબિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ' વિષય પર મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. આ મહાશોધ નિબંધને યુનિવર્સિટી દ્વારા માન્ય ગણવામાં આવ્યો છે. આ અભ્યાસમાં ગાંધીનગર જિલ્લાના ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ અને આત્મછબિનો અભ્યાસ કર્યો હતો તથા આ બે વચ્ચેના સંબંધની તપાસ પણ કરી હતી. આ સંશોધનનું પરિણામ વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ જાણવામાં તેમજ તે સંદર્ભે તેને માર્ગદર્શન આપવામાં સહાયક રહેશે.



## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા રાહત દરે એમ્બ્યુલન્સ વાન સેવા

ગાંધીનગર, તા.૨૭

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા એ.સી. તથા ઓકિસજનની સગવડ સહિતની એમ્બ્યુલન્સ વાન સેવા રાહત દરે નગરજનોને આપવામાં આવે છે. જેમાં ગાંધીનગર શહેર, એપોલો હોસ્પિટલ તેમજ અમદાવાદની કોઈ પણ હોસ્પિટલમાં તેમજ દર્દીને બહારગામ લઈ જવા ઉપરાંત એક કલાક રોકાણ સહિતની સેવા પુરી પાડવામાં આવે છે. તેનો લાભ લેવા સંસ્થાના સંપર્ક નંબર ૯૮૨૪૬૮૦૨૭૧ થી લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## આજે વાસણિયા મહાદેવ ખાતે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા.૨૭

મુ. વાસણ ખાતે વાસણીયા મહાદેવ મંદિરની સામે, શ્રી વિરાટ હનુમાનદાદાની પ્રતિમાના સાનિધ્યમાં કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સુંદરકાંડ સંગીતમય જાહેર પાઠ દર શનિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ કલાકે યોજાય છે. સુંદરકાંડનો ધર્મલાભ લેવા ભાવિક ભક્તોને હાર્દિક જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


# ફોર વ્હીલરમાં ગરમીથી બચવા કાળા કાચ માટે ધસારો

## કાળઝાળ ગરમીમાં ગાડીઓ તપી જવાથી શહેરીજનોએ કાળા કાચ નંખાવવાનું પસંદ કર્યું

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડવાથી ફોર વ્હીલરવાળા વાહનચાલકો દ્વારા ગરમીથી રક્ષણ મેળવવા માટે કાળા કાચ નંખાવવા માટે ધસારો કર્યો છે. કારમાં વધારે ઠંડક રહે તે માટે વાહનોના નિયમોની વિરૂધ્ધમાં કાળા રંગના કાચ નાંખેલી ગાડીઓ ચાલતી જોવા મળી રહી છે. જો કે કાળા કાચવાળી ગાડીઓ વાહનોના નિયમોનો ભંગ કરી રહી છે.

શહેરમાં દિવસેને દિવસે ટુ વ્હીલર કરતા ફોર વ્હીલરનું પ્રમાણ વધી રહ્યું છે. વાહનચાલકો ફોર વ્હીલર લઈને કાળા કાચ નંખાવવા માટે લાઈનોમાં જોવા મળી રહ્યા છે. ઉનાળામાં સખત ગરમી પડી રહી હોવાથી ગાડીની અંદર ગરમી અને બાફ લાગે છે. ગાડીઓમાં એસીની સુવિધા હોવા છતાં કાળઝાળ ગરમીમાં એસી પણ નિ:સહાય બની જતા શહેરીજનો ગાડીઓના કાળા કાચ નંખાવવાનું પસંદ કરી રહ્યા છે.



આ વર્ષે ઉનાળો દર વર્ષ કરતાં વધારે આકરો બન્યો છે. શહેરીજનો કામ વગર બહાર જવાનું ટાળી રહ્યા છે. જો કે હાલમાં ઉનાળાનું વેકેશન હોવાથી શહેરીજનો ફરવા માટે પતાની ગાડીઓ લઈને નીકળ્યા છે. દૂરના પ્રવાસન સ્થળો જેમાં પહોંચતા છ સાત કલાક થઈ જાય તેવામાં ઉનાળાની મોસમમાં ગરમીથી બચવા માટે શહેરીજનો ગાડીઓમાં કાળા કાચ લગાવવા લાગ્યા છે. જે ઉનાળો પૂરતા જ લગાવવામાં આવ્યા છે ત્યારબાદ ગરમી ઓછી થતાં કાળા કાચ દૂર કરીને વાહનોના નિયમોનું પાલન કરવામાં આવશે તેવું નાગરિકોનું કહેવું છે તેથી ગરમીથી રક્ષણ મેળવવા માટે શહેરમાં કાળા કાચ નંખાવવા માટે ધસારો થઈ રહ્યો છે. ગઈકાલે પોલીસ તંત્ર દ્વારા વાહનચાલકોને માર્ગો પર વાહનોના નિયમોના ભંગ વિરુધ્ધ દંડ વસૂલતા દશ્યો જોવા મળ્યા હતા. જેમાં હેલ્મેટ વગરના વાહનચાલકોને પકડવામાં આવ્યા હતા અને દંડ વસુલવામાં આવ્યો હતો. વાહનચાલકો હેલ્મેટ વગર ફરતા હોવાથી અકસ્માતોમાં જીવને જોખમ રહે છે. શહેરમાં અકસ્માતોનું પ્રમાણ પણ વધી ગયું છે તેથી પોલીસ તંત્ર પણ સજાગ રહીને અચાનક ચેકીંગમાં માર્ગો પર ઉતરી આવે છે.

## જન્મદિને વધામણી



જિજ્ઞેશ ટાટરિયા
ટાટરિયા કેટરર્સ



પારૂલબેન
કૌશિકકુમાર ખડાયતા



મંથન
કૌશિકકુમાર ખડાયતા



ભાસ્કર ધીરેન્દ્રભાઈ
પરમાર
મો. ૯૯૦૪૮ ૩૭૧૧૫



રાજવીરસિંહ ખાચર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

## ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા સ્વ-બચાવ અને સલામતી જાગૃતિનાં સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

મહિલાઓ, દિકરીઓ અને ભાઈઓમાં રહેલા ડરને દૂર કરવા માટે સેક્ટર-૨૫ ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન, મિલાપ ટાટારિઆ અને સહાકાર કોલોની દ્વારા તા. ૪ થી ૬ જૂન નાં રોજ સાંજે ૫:૩૦ થી ૭:૦૦ કલાક દરમિયાન ત્રિદિવસીય સ્વ-બચાવ અને સલામતી જાગૃતિનાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆ જણાવ્યું હતું કે, હાલના સમયમાં મહિલાઓ અને દિકરીઓની છેડતી થાય છે ત્યારે અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું તેમજ કંઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષણ કરવું એ સમગ્ર ત્રિદિવસીય સેમિનારમાં તાલીમ આપવામાં આવશે સાથે વધુ માહિતી માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭ નામ નોંધાવી લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શાહ વાસુમતીબેન વાડીલાલ, ઉ.વ. ૮૧, સેક્ટર-૨૯
- સ્વ. રાવળ અનિલભાઈ ભીખાભાઈ, ઉ.વ. ૧૭, સે-૨૪, ઈન્દિરાનગર
- સ્વ. રાઠોડ શાંતાબેન નરેન્દ્રભાઈ, ઉ.વ. ૬૯, પેથાપુર
- સ્વ. સોલંકી બબીબેન ધનાજી, ઉ.વ. ૪૫, આલમપુર